3851८

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર લેબ અને શાળાના સ્ટાફ માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા સ્કેનર ખરીદવા તથા કમ્પ્યુટર તાલીમ શિક્ષકના વેતન માટેની બાબતને સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબત. નવી બાબત-વર્ષ ૨૦૨૩-૨૪

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/ANS/e-file/17/2022/0075/A Section

સચિવાલય, ગાંધીનગર

તા:૨૫/૧૧/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૬/૦૫/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૫/૧૦/૨૦૨૪ નો પત્રાંક: વિજાક/આનિશા/નબા/૨૦૨૪-૨૫/૧૦૧૫/૧૭

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ આ વિભાગના ક્રમાંક (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર લેબ અને શાળાના સ્ટાફ માટે કમ્પ્યુટર, પ્રિન્ટર તથા સ્કેનર ખરીદવા તથા કમ્પ્યુટર તાલીમ શિક્ષકના વેતન એ તમામ માટે રૂ. ૨૦૧.૩૦ લાખની સને ૨૦૨૩-૨૪ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ. સદર રકમમાંથી કમ્પ્યુટર તાલીમ શિક્ષકની આઉટસોર્સીંગ સેવાઓના રૂ.૫૪.૪૫ લાખ બાદ કરતાં, તે સિવાયની રકમ (રૂ. ૧૪૬.૮૫/- લાખ) કમ્પ્યુટર, પ્રિન્ટર તથા સ્કેનર ખરીદવા bulk beed માં મળેલ ભાવો સામે અપર્યાપ્ત હોવાથી રૂ.૮૩.૪૩ લાખની વધારાની રકમ ઉમેરી, કુલ રૂ. ૨૮૩.૭૩ લાખની સુધારેલ વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર લેબ અને શાળાના સ્ટાફ માટે કમ્પ્યુટર, પ્રિન્ટર તથા સ્કેનર

ખરીદવા તથા કમ્પ્યુટર તાલીમ શિક્ષકના વેતન માટેની સને ૨૦૨૩-૨૪ ની રૂ. ૨૦૧.૩૦ લાખની નવી બાબતની રકમમાં વધારો કરી, રૂ.૨૮૩.૭૩ લાખની આથી સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

સદર ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા:૦૯/૧૧/૨૦૨૪ ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરિત આર. દોશી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.અને અધિ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- સેકશન અધિકારીશ્રી (ઝ-૧ શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબ-સાઈટ પર અપલોડ કરવા સારુ)
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.